# <u>યોગ શિબિર</u>




સમગ્ર વિશ્વમાં ભારતની અમૂલ્ય જ્ઞાન સંપદારૂપ ‘યોગ’ નું આકર્ષણ છે. ભારતની અમૂલ્ય જ્ઞાન સંપદા એવા ‘યોગ’ નું આકર્ષણ આજે સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. ભૌતિકતાની આંધણી દોડથી વ્યથિત વિશ્વ જ્યારે યોગ તરફ આગળ વધી રહ્યું છે. ત્યારે માનનીય પ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના પ્રયત્નોથી યુનાઈટેડ નેશનલ (યુનો) દ્વારા 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જે સમગ્ર ભારત માટે ગૌરવની વાત છે.

2015 માં પ્રથમ વાર ઉજવાયેલ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સમગ્ર ભારતમાં એક જ સમયે યોગાભ્યાસ કરવાની પરંપરા શરુ થઇ, જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ પણ પોતાના નવા ‘જ્યોતિર્મય પરિસર’ માં નિયત સમયે યોગાભ્યાસ અને યોગ શિબિરનું આયોજન કરી અને પોતાનું યોગદાન આપ્યું હતું. આજ પરંપરાને ચાલુ રાખીને 21 જૂન , 2017 ના દિવસે પણ યુનિવર્સિટીમાં પણ એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી થઇ.

યુનિવર્સિટીના પ્રાંગણમાં આયોજિત યોગાઅભ્યાસ વરસાદની સંભાવના હોવાથી ગૌતમ હોલ તથા ગૌતમ હોલની નીચેના પેસેજમાં ગોઠવવામાં આવ્યો હતો. ડૉ. વિક્રમ

ઉપાધ્યાય તથા તેમની ટીમ દ્વારા મીનીસ્ટ્રી ઓફ આયુર્વેદ, યોગ નેચરોપથી, યુનાની, સિદ્ધિ અને હોમયોપેથી દ્વારા માર્ગદર્શિકા કોમન યોગ પ્રોટોકોલ પ્રમાણે સહુને યોગાભ્યાસ કરાવ્યો.





યોગાભ્યાસ દરમિયાન યુનિવર્સિટી પરિવારની સાથે આરોગ્ય ભારતનાં અખિલ ભારતીય ઉપાધ્યાય ડૉ. પ્રવીણભાઈ ભાવસાર અને ગુજરાત પ્રાંતના પ્રમુખ ડૉ. ભાવસારભાઈ ભટ્ટ પણ જોડાયા. ઉપરાંત યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્ર શિવાશ્રમ, દંતાલીના સંયોજકશ્રી ડૉ. જીતેન્દ્રભાઈ પંચાલ તથા અન્ય મહાનુભવો પણ જોડાયા. તથા સહુએ યોગાભ્યાસને અંતે પોતાના પ્રતિભાવો પણ આપ્યાં તથા યુનિવર્સિટીના કુલપતિશ્રી દ્વારા સહુને અભિનંદન પાઠવ્યા.

યુનિવર્સિટીના સાતત્યપૂર્ણ રીતે ઉજવાતા આ તૃતીય આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની તૈયારી માટે ડૉ. વિક્રમ ઉપાધ્યાય અને તેમની સાથે શ્રી કમલેશભાઈ મિસ્ત્રી, શ્રી હિરાભાઈ પરમાર , ડૉ. જય ઉપાધ્યાય, ડૉ. નેહા ઠાકર, ડૉ. વિધિ પટેલ વગેરેની સમગ્ર ટીમ દ્વારા આગળના બે દિવસ સહુને AYUSH દ્વારા નિર્દિષ્ટ કોમન પ્રોટોકોલ ઓફ યોગની પ્રેક્ટીસ કરાવી હતી કે જેને લીધે યોગ દિવસની ઉજવણી સારી થઇ શકે.